**શ્રી શ્યામ ઝેરોક્ષ**
અહીં કલર ઝેરોક્ષ,જમ્બો ઝેરોક્ષ
સ્પાયરલ બાઈડીંગ,લેમીનેશન,
સ્ટેશનરી, રબર સ્ટેમ્પ, વગેરે કામ કરનાર.
Mo. 9909890070
શ્રી લક્ષ્મી પેલેસ, બેંક રોડ, વ્યારા.

ભલ ભલાની ખબર લેતું...
RNI No. GUJGUJ/2005/21613

# ગુજરાત રક્ષા

GUJARAT RAKSHA (Weekly, Vyara)
(સાપ્તાહિક-વ્યારા)

ગુજરાત રક્ષા - 06
WhatsApp group
સમાચારોનાં વધુ અપડેટ અને અગત્યનાં સમાચારો મેળવવા માટે ગુજરાત રક્ષાના whatsapp ગ્રુપમાં જોડાવો, આ QR Code Scan કરો.

તંત્રી : ધર્મેશ વાણી , મો.નં. ૯૩૭૭૫૩૭૦૦૦, સર્ક્યુલેશન મેનેજર : કૈલાશ સૂર્યવંશી. ❖ "Social Media Edition" વાર : સોમવાર ❖તા.૧૮-૧૧-૨૦૨૪ ❖ પાના : ૦૪ ❖ કિંમત : ૨ રૂપિયા ❖ લીગલ એડવાઈઝર : એડવોકેટ જીગ્નેશ પાટીલ.

કાર્યાલય : ૪, મોદી બાળકોની હોસ્પિટલની નીચે, પહેલા માળે, વૈભવ કોમ્પ્લેક્ષ, વૈભવ સીનેમાની બાજુમાં,વ્યારા -૩૯૪૬૫૦, જી.તાપી (ગુજરાત). Website : www.gujaratraksha.com, Email : gujaratraksha@yahoo.co.in

## બાંગ્લાદેશમાં ફરી નવા-જૂનીના એંધાણ! ફરી રસ્તા પર ઉતર્યા હજારો લોકો, ઢાકા બન્યું જંગનું મેદાન



**બાંગ્લાદેશ,** જૂન મહિનામાં બાંગ્લાદેશમાં વિરોધ પ્રદર્શન શરુ થતા શેખ હસીનાએ ૫ ઓગસ્ટે દેશ છોડવો પડ્યો હતો. હસીના સરકારના પતન અને વચગાળાની સરકારની રચના પછી ઘણા લોકોને દેશમાં નવી સરકારની આશા હતી પરંતુ એવું થયું નહિ. પરંતુ તેનાથી વિપરીત, રાજધાની ઢાકામાં તાજેતરના દિવસોમાં સતત વિરોધ પ્રદર્શન વધી રહ્યા છે. ઘણા મુદ્દાઓ પર લોકોના વિરોધ પ્રદર્શન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઢાકામાં ઘણા વિરોધ પ્રદર્શન ચાલી રહ્યા છે, તેમાંથી એક મહબુલ હક શિપન છે જે ભૂખ હડતાલ પર છે. શિપન બાંગ્લાદેશના રાષ્ટ્રપતિને હટાવવાની માંગ કરી રહ્યા છે. તેઓ શેખ હસીનાના સમયમાં આ પદ પર આવ્યા હતા. શિપોનમાં વિરોધ સ્થળની નજીક, સરકારી કર્મચારીઓ પગાર વધારાની માંગ સાથે રસ્તા પર ઉતરી આવ્યા છે, જ્યારે ધાર્મિક મંદિરોની સુરક્ષા માટે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. અન્ય ઘણા મુદ્દાઓ પર પણ લોકો પોતાનો વિરોધ વ્યક્ત કરી રહ્યા છે.ઢાકામાં થતા વિરોધ પ્રદર્શનની ચોક્કસ સંખ્યા નક્કી કરવી મુશ્કેલ ઢાકામાં વિરોધ પ્રદર્શન અંગેના અહેવાલો કહે છે કે મુખ્ય માર્ગો પર અનેક રેલીઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ટેક્સટાઈલ કામદારોએ નવેમ્બરમાં એક વિશાળ પ્રદર્શન કર્યું હતું અને શહેરના ઔદ્યોગિક વિસ્તારોમાં પરિવહન બંધ કરી દીધું હતું. તેમજ વિદ્યાર્થીઓએ કલાકો સુધી સચિવાલયની બહાર રસ્તો રોકીને અનેક માંગણીઓ કરી રહ્યા છે. એવામાં હવે ઢાકામાં કેટલા વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે તેની ચોક્કસ સંખ્યા નક્કી કરવી મુશ્કેલ છે. કારણ કે મોટાભાગના દેખાવો પોલીસની પૂર્વ પરવાનગીના નિયમને બાયપાસ કરીને થઈ રહ્યા છે.વચગાળાની સરકાર સતત પ્રયત્નો કરી રહી છે પોલીસ અધિકારી મુહમ્મદ તાલેબુર રહેમાનનું કહેવું છે કે એવું માનવામાં આવે છે કે મુહમ્મદ યુનુસની આગેવાની હેઠળની સરકાર શેખ હસીના કરતા વિરોધ પ્રત્યે વધુ સહનશીલ છે. જો કે હસીનાની અવામી લીગ પાર્ટી દ્વારા બોલાવવામાં આવેલા પ્રદર્શનો પર સરકાર કડક છે. વચગાળાની સરકારે કહ્યું છે કે આવામી લીગને રેલી માટે પરવાનગી નહીં મળે. એવું પણ કહેવામાં આવે છે કે મોહમ્મદ યુનુસે સત્તા સંભાળી ત્યારથી વિરોધ પ્રદર્શનોમાં કોઈ હિંસા થઈ નથી. જો કે, કેટલાક પ્રસંગોએ વિરોધને કારણે અરાજકતા પણ સર્જાઈ છે.


## બુટલેગર મિત્રને બચાવવા પૂર્વ તલાટીનો કચ્છના પોલીસ સ્ટેશનમાં તલવાર-છરી સાથે હુમલો, ચાર કર્મચારીઓ ઈજાગ્રસ્ત

**કચ્છ,માંડવી,** પોતાના ભાઈએ સાયબર ક્રાઈમ અંગે કરેલી અરજીની તપાસ કેમ કરવાનામાં આવતી નથી તેવો મુદ્દો ઊભો કરીને કચ્છના માંડવી પોલીસ સ્ટેશનમાં પુર્વ તલાટી-મંત્રી પુનશી ગઢવી સહિતના ચાર શખ્સોએ ધમાલ મચાવી હતી. તલવારો, છરી સાથે પોલીસ સ્ટેશનમાં ઘુસી જઈ અને પોલીસ સ્ટેશનને સળગાવી દેવાની ધમકી પણ અપાઈ હતી. પોતે દારૂની રજૂઆત કરવા જઈ રહ્યાં છે તેવો પોલીસ કન્ટ્રોલ રૂમને ફોન કર્યા બાદ ધમાલ મચાવીને ચાર શખસોએ હુમલો કરતાં પીએસઆઈ સહિત ચાર પોલીસ કર્મચારીને ધારીને ઈજાઓ પહોંચી હોવાની ફરિયાદ નોંધવામાં આવી છે. જો કે, અન્ય પોલીસ સ્ટાફે આરોપીઓને પકડીને લોકઅપમાં પૂરી દીધા હતા.પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવીને તોડફોડ કરીઘટનાને પગલે ભુજ ડીવાયએસપી સહિતના ઉચ્ચ અધિકારી દોડી આવી મામલો થાળે પાડયો હતો. પોલીસ મથકમાં હુમલો કરનારા આરોપીઓ સામે કાર્યવાહી કરી હતી. માંડવી પી.આઈ. એ દાવો કર્યો છે કે, માંડવી પોલીસે પાંચોટીયાના બુટલેગર દેવરાજ ગઢવીની ધરપકડ કરતાં પાંચોટીયા ગામના કુખ્યાત અને ફરાદી ગામના સસ્પેન્ડેડ તલાટી કમ મંત્રી એવા પુનશી આલા ગઢવી અને તેના ભાઈ સહિતના શખસોએ પોલીસ સ્ટેશનમાં ધમાલ મચાવીને બારીના કાચમાં તોડફોડ કરી હતી.જાણો શું છે મામલો માંડવી પોલીસ સ્ટેશનમાં ૧૬ના પોલીસ કન્ટ્રોલ રૂમ તરફથી ફોન કરીને જાણ કરવામાં આવી હતી કે, પુનશી આલા ગઢવીએ કન્ટ્રોલ રૂમને ફોન કરીને જાણ કરી છે કે, મેહુલભાઈ જોષી ગાળો આપે છે અને લાયજા વિસ્તારમાં દારૂના ધંધા ચાલે છે તેની ફરિયાદ કરવા પોલીસ સ્ટેશન જાઉં છું. આ અંગે પોલીસ કર્મચારી મેહુલભાઈ જોષીને પૂછતાં તેમણે જાણકારી આપી હતી કે, હરીભાઈ આલાભાઈ ગઢવીની અરજીની તપાસ બાબતે સાયબર સેલમાં માહિતી મેળવવા રિપોર્ટ કરવામાં આવ્યાં છે. છતાં લિસ્ટેડ બુટલેગર દેવરાજ ગોપાલ ગઢવીને પકડવા પાંચોટિયા ગામેથી પકડયો ત્યારે પુનશી આલા ગઢવી પણ ત્યાં હાજર હતા. બન્ને એક જ ગામના હોવાથી દેવરાજને પકડવા બાબતનું મનદુઃખ રાખી પુનશી ગઢવીએ ફોન કરીને મેહુલ જોષીને ગાળો પણ આપી હતી.પોલીસકર્મી પર તલવાર વડે હુમલોપુનશી ગઢવી પોલીસ કન્ટ્રોલ રૂમને રાત્રે સવા બાર વાગ્યે ફોન કર્યા પછી રાત્રે ૧૨:૨૫ વાગ્યે માંડવી પોલીસ સ્ટેશન ધસી આવ્યા હતા. પુનશી ગઢવી અને ચાર શખ્સો તલવાર, ફરશી, છરી અને લોખંડના પાઈપ સાથે ધસી આવ્યા હતા અને ટેબલ ઉપર હથિયારો પછાડીને પોલીસ સ્ટેશનમાં ઓનલાઈન ફ્રોડની અરજી કરી છે, તેના આરોપીને પોલીસ કેમ પકડતી નથી. લાયજા ઓ.પી.ના જમાદાર મેહુલભાઈ જોષીનું નામ લઈ ગાળો બોલી અને પી.આઈ.ને પોલીસ સ્ટેશન બોલાવવા ધમકી આપવા લાગ્યા હતા. મેહુલ જોષીને નહીં બોલાવે તો જાનથી મારી નાંખીશું અને પોલીસ સ્ટેશનો સળગાવી દઈશું તેમ ધમકાવવા લાગ્યા હતા. પુનશીગઢવીએ પીએસઓ સંતોષભાઈ રાઠોડ ઉપર તલારનો ઘા ઝીક્યો હતો પણ તેઓ દૂર ખસી ગયા હતા.દૂર ભાગી પીએસઓએ તરત જ પીઆઈને બનાવની જાણ કરી હતી. આ દરમિયાન ચારેય આરોપી પુનથી આલા ગઢવી તેનો ભાઈ હરી આલા ગઢવી, શામળા થારૂ ગઢવી અને ગોપાલરામ મીઠાણીએ પોલીસ સ્ટેશનમાં તોડફોડ કરી હતી. કાચની બારીઓ, દિવાલ અને ટેબલ ઉપર હથિયારોથી તોડફોડ કરી હતી. પી.એસ.આઈ. યુ. કે. જાદવ અન્ય પોલીસ સ્ટેશન ધસી આવ્યો હતો અને ચારેય આરોપીઓને અંકુશમાં લીધા હતા. આ હુમલો પીએસઆઈ યુ. કે. જાદવ, હેડ કોન્સ્ટેબલો વરામભાઈ પટેલ અને સાગરભાઈ ઉપરાંત લાયજા ઓઉટ પોસ્ટના જમાદાર મેહુલ જેપીને ઈજા પહોંચી હતી. પુનશી ગઢવી સામે કુલ આઠ ગુના : ૨૦૨૦માં તલાટી-મંત્રી હતો ત્યારે પણ માથાકૂટ કરી હતીપુનશી ગઢવી સામે માંડવી પોલીસ સ્ટેશનમાં જ આઠ ગુના નોંધાયેલાં છે. પાંચ ગુના વર્ષ ૨૦૨૦માં ત્રણ ગુના વર્ષ ૨૦૨૨માં નોંધાયાં હતાં. ૨૦૨૦માં પુનશી ગઢવી ફરાદી ગામનો તલાટી મંત્રી હતો ત્યારે રેતી ચોરી અને પવનચક્કીના કામમાં કેટલા રૂપિયા મળે છે તે બાબતે પુનશી ગઢવીને પોલીસ સ્ટેશનમાં બોલાવામાં આવ્યો હતો. જેમાં પોલીસે પાઈપથી માર માર્યાનો આરોપ લગાવી પુનશી ગઢવીએ પોલીસ મથકના લોકઅપમાં માથા પછાડી પોતે સારવાર માટે હોસ્પિટલમાં દાખલ થયો હતો. જો કે, પોલીસ મથકના સીસીટીવી ફૂટેજમાં આરોપી પુનશી ગઢવીના આરોપો ખોટા સાબીત થયા હતા.

## 'બાળઠાકરે શિવાજી મહારાજનું અપમાન ક્યારેય સાંખી ન લેત', પ્રિયંકા ગાંધીના વડાપ્રધાન મોદી પર પ્રહાર

શિવસેનાના સ્થાપક બાળાસાહેબ ઠાકરે ક્યારેય છત્રપતિ શિવાજી મહારાજનું અપમાન સાંખી ન લેત એમ કોંગ્રેસના નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ રાહુલ ગાંધીને હાંકલ કરી હતી કે બાળાસાહેબ ઠાકરે અને સ્વાતંત્ર્યવીર સાવરકરને બિરદાવે. આ ટકોરની સામે વળતો પ્રહાર કરતા પ્રિયંકાએ કહ્યું હતું કે, 'મહાયુતિના રાજ્યમાં સિંધુદુર્ગમાં શિવાજી મહારાજની પ્રતિમા તૂટી પડી તેની પાછળ ભ્રષ્ટાચાર કારણભૂત હતા.'સંસદ ભવનની બહારની છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા ખસેડી લેવામાં આવી. શિવાજી મહારાજનું આવું અપમાન બાળાસાહેબ ઠાકરેએ ક્યારેય સાંખી લીધું ન હોત. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ભાજપના બધા નેતાઓ શિવાજી મહારાજનું નામ લીધા કરે છે પણ તેમને માન આપતા નથી. મોદી બાળાસાહેબના નામનું ઉચ્ચારણ કરે છે. પણ ભાજપએ ઉદ્ધવ ઠાકરેની જ પીઠમાં ખંજર ભોંક્યું હતું.કોલ્હાપુર અને શિર્ડીમાં ચૂંટણી પ્રચાર સભાઓને સંબોધતા પ્રિયંકા ગાંધીએ જણાવ્યું હતું કે, 'કોંગ્રેસ અને શિવસેના(યુબીટી)ની રાજકીય વિચારધારા જુદી છે, આમ છતાં કોંગ્રેસ અને રાહુલ ગાંધી પણ શિવાજી મહારાજનું અપમાન સહન ન જ કરી શકે.'મહાવિકાસ આઘાડીના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર માટે આવેલા પ્રિયંકાએ સભાને સંબોધતા જણાવ્યું હતું કે, 'છત્રપતિ શિવાજીની જ ભૂમિમાં શિવાજીનું અપમાન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંધુદુર્ગમાં શિવાજીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. પરંતુ ભ્રષ્ટાચારને કારણે એ પ્રતિમા તૂટી પડી હતી. તેમણે કહ્યું હતું કે વડાપ્રધાનની કહેણી અને કરણીમાં બહુ તફાવત છે.

## 'મણિપુર ના એક હૈ, ના સેફ હૈ': રમખાણો મુદ્દે કોંગ્રેસ અધ્યક્ષ ખડગેનું PM મોદી પર નિશાન



**મણિપુર,** મણિપુરમાં ફરી એકવાર હિંસા ફાટી નીકળી છે. મૈતેઈ સમુદાયના લોકો મોટી સંખ્યામાં ઈમ્ફાલના રસ્તાઓ પર ઉતરી આવ્યા હતા અને મુખ્યમંત્રીના આવાસ માં તોડફોડ કરી હતી. આ દરમિયાન ૭ ધારા સભ્યોના ઘરોને પણ નિશાન બનાવવામાં આવ્યા હતા. ગુસ્સે ભરાયેલા ટોળાએ ચર્ચ પર પણ હુમલો કર્યો હતો. મણિપુરમાં મોટી સંખ્યામાં સેના અને અન્ય સુરક્ષા દળો હાજર હોવા છતાં આ બધું થયું. મામલાની ગંભીરતાને ધ્યાને લઈ આ સમયે શહેરમાં ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે અને કર્ફ્યૂ પણ લાદવામાં આવ્યો છે. મણિપુરમાં એક વર્ષ કરતા વધુ સમયથી ચાલી રહેલી હિંસાને લઈને કેન્દ્ર સરકાર સતત વિપક્ષના નિશાન પર છે. ત્યારે હવે આ વચ્ચે ફરી એક વખત કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મણિપુર માં ફાટી નીકળેલી હિંસાને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે, 'મણિપુર ના એક હૈ ના સેફ હૈ'. આ રીતે તેમણે વડાપ્રધાન મોદીના 'હમ એક હૈ, તો સેફ હૈ' નિવેદનને ફરી એકવાર યાદ અપાવીને ભાજપ પર આકરા પ્રહાર કર્યા છે. PM મોદી પર સાધ્યું નિશાનખડગેએ પીએમ મોદી પર નિશાન સાધતા સોશિયલ મીડિયા પર લખ્યું કે, 'તમારી ડબલ એન્જિન સરકારમાં મણિપુર ના એક હૈ ના સેફ હૈ. મે ૨૦૨૩થી રાજ્ય અકલ્પ નીય પીડા, વિભાજન અને હિંસામાંથી પસાર થઈ રહ્યું છે, જેણે ત્યાનાં લોકોનું ભવિષ્ય બરબાદ કરી નાખ્યું છે. અમે આ વાત પૂરી જવાબદારી સાથે કહી રહ્યા છીએ કે, એવું લાગે છે કે ભાજપ જાણી જોઈને મણિપુરને સળગાવવા માગે છે, કારણ કે, તે પોતાની ઘૃણાસ્પદ વિભાજનકારી રાજનીતિ કરે છે.'

## ભાજપના મહિલા નેતા પર હુમલાનો પ્રયાસઃ સભામાં ખુરશીઓ ઊછળી



**અમરાવતી,** મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લાના દરિયાપુર વિધાનસભા ક્ષેત્રના ખલ્લર ગામમાં ભાજપના નેતા અને પૂર્વ સાંસદ નવનીત રાણાની પ્રચાર રેલી દરમિયાન ભારે હોબાળો થયો હતો. યુવા સ્વાભિમાન પાર્ટીના ઉમેદવાર રમેશ બુંદીલેના સમર્થનમાં યોજાયેલી આ સભામાં કેટલાક લોકોએ નવનીત રાણા પર ખુરશીઓ ફેંકી હતી. જેમાં તેઓ બચી ગયા હતા.શું છે આખો મામલો?મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે પ્રચાર તેના અંતિમ તબક્કામાં છે અને પ્રચારનો સમયગાળો આવતીકાલે ૧૮મી નવેમ્બરે સમાપ્ત થશે. એવામાં શનિવારે રાત્રે દરિયાપુર વિધાનસભા મત વિસ્તારના ખલ્લર ગામમાં યુવા સ્વાભિમાનના ઉમેદવાર રમેશ બુંદીલેના પ્રચાર માટે નવનીત રાણાની સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન નવનીત રાણાનું ભાષણ ચાલી રહ્યું હતું ત્યારે કેટલાક લોકોએ જોરથી નારા લગાવ્યા અને હંગામો મચાવ્યો. ત્યારે યુવા સ્વાભિમાનના કાર્યકરોએ તેમને સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ તેમણે સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું. જ્યારે નવનીત રાણા પોતે તેમને સમજાવવા જઈ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોએ તેના પર ખુરશીઓ ફેંકવાનો પ્રયાસ કર્યો હતો. આ હુમલામાં નવનીત રાણાના બોડીગાર્ડને પણ ખુરશી વાગી હતી. જો કે આ પહેલા પણ અમરાવતીમાં પૂર્વ સાંસદ નવનીત રાણા પર હુમલો કરવાનો પ્રયાસ થયો હોવાનું જોવા મળ્યું છે. નવનીત રાણાએ કરી ફરિયાદ સ્થિતિ વણસી જતાં નવનીત રાણા ખલ્લર પોલીસ સ્ટેશન પહોંચ્યા અને સભામાં સુરક્ષા વ્યવસ્થાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. આ ઘટનાને પગલે વિસ્તારમાં રાજકીય વાતાવરણ ગરમાયું છે. હાલ પોલીસ તપાસ ચાલી રહી છે. જાણો કોણ છે નવનીત રાણાનવનીત રાણા અમરાવતીથી અપક્ષ સાંસદ રહી ચૂક્યા છે. રવિ રાણા તેમના પતિ છે, જે વર્તમાન ધારાસભ્ય છે. લગ્ન પછી નવનીત રાણાએ ૨૦૧૪માં દ્ગઁની ટિકિટ પર અમરાવતી બેઠક પરથી લોકસભાની ચૂંટણી લડી હતી, પરંતુ તેઓ હારી ગયા હતા. નવનીત રાણાએ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં અપક્ષ તરીકે ચૂંટણી લડીને જીત મેળવી હતી. આ પછી કોંગ્રેસ અને એનસીપીએ તેમને સમર્થન આપ્યું હતું. આ પહેલા નવનીત રાણા મોડલ હતા. તેમણે પંજાબી અને દક્ષિણ ભારતીય ફિલ્મોમાં કામ કર્યું છે. ૨૦૧૧ માં, તેમણે ધારાસભ્ય રવિ રાણા સાથે લગ્ન કર્યા અને થોડા સમય પછી રાજકારણમાં પ્રવેશ કર્યો.


# સુરતમાં ફરી ડ્રગ્સની રેલમછેલ : રૂ.૧.૫૩ કરોડના MD ડ્રગ્સ સાથે પાંચ ઝડપાયા

## હજીરા સાયણ રોડ અને કપલેથા ચેક પોસ્ટ પાસે ક્રાઈમ બ્રાન્ચનું ઓપરેશન : વેડરોડનો યુવાન મુંબઈથી ડ્રગ્સ લઈ કારમાં મિત્રો સાથે સુરત આવતો હતો ત્યારે ઝડપાઈ ગયો બાઈક ઉપર આવતા કોસંબાના બે યુવાનો પોલીસને જોઈ ડ્રગ્સ-બાઈક મૂકી ખેતરમાં ભાગ્યા : છ કલાક પકડદાવ પકડાયા



**સુરત,** સુરત ક્રાઈમ બ્રાન્ચે શહેરના બે છેવાડાના વિસ્તાર હજીરા સાયણ રોડ અને કપલેથા ચેક પોસ્ટ પાસેથી દોઢ કિલોથી વધુ એમ.ડી.ડ્રગ્સ સાથે પાંચ યુવાનોને ઝડપી પાડી તેમની પાસેથી રૂ.૧.૫૩ કરોડનું એમ.ડી.ડ્રગ્સ, કાર, બાઈક, પાંચ મોબાઈલ ફોન, રોકડ મળી કુલ રૂ.૧.૫૭ કરોડનો મુદ્દામાલ કબજે કર્યો હતો.તે પૈકી બાઈક ઉપર આવતા કોસંબાના બે યુવાનો પોલીસને જોઈ ડ્રગ્સનો જથ્થો અને બાઈક મૂકી શેરડીના ખેતરોમાં ભાગી જતા ક્રાઈમ બ્રાન્ચે છ કલાક કોમ્બીંગ કરી ઝડપી લીધા હતા.જયારે વેડરોડનો યુવાન મુંબઈથી ડ્રગ્સ લઈ કારમાં મિત્રો સાથે સુરત આવતો હતો ત્યારે ઝડપાઈ ગયો હતો.ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગતરાત્રે પેટ્રોલીંગમાં હતી ત્યારે હજીરા સાયણ રોડ ઉપર બાઈક ઉપર આવતા બે યુવાનો પોલીસને જોઈ બાઈક અને રૂ.૯૭, ૩૭,૪૦૦ ની મત્તાનું ૯૭૩.૭૪૦ ગ્રામ એમ. ડી. ડ્રગ્સ મૂકી શેરડીના ખેતરોમાં ભાગી ગયા હતા.ક્રાઈમ બ્રાન્ચે એફએસએલને સ્થળ ઉપર બોલાવી જરૂરી પરીક્ષણ કરતા તે એમ.ડી.ડ્રગ્સ હોવાનું સ્પષ્ટ થયા બાદ ભાગી ગયેલા બંને યુવાનોને શોધવા કોમ્બીંગ હાથ ધર્યુ હતું.ક્રાઈમ બ્રાન્ચે છ કલાકની મહેનત બાદ કોસંબાના બે યુવાન તામીર શેખ અને સાહીલ દિવાનને ઝડપી પાડી તેમની પાસેથી ડ્રગ્સ ઉપરાંત બાઈક, બે મોબાઈલ ફોન અને રોકડા રૂ.૨ હજાર મળી કુલ રૂ.૯૭, ૯૯,૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો હતો.છત રીપેરીંગનું કામ કરતા અને અગાઉ મારામારી, મોબાઈલ સ્નેચીંગ અને ચોરીના ગુનામાં ઝડપાયેલા તામીર શેખ અને કોસંબામાં બુટ ચંપલની દુકાનમાં નોકરી કરતા સાહીલ દિવાનની ક્રાઈમ બ્રાન્ચે પુછપરછ હાથ ધરી તેઓ ડ્રગ્સ ક્યાંથી લાવ્યા અને કોને આપવાના હતા તે અંગે તપાસ હાથ ધરી હતી.ક્રાઈમ બ્રાન્ચની આ કામગીરી દરમિયાન જ વધુ એક બાતમી મળી હતી કે વેડરોડ સાબરીનગરમાં રહેતો અને વરીયાવી બજાર મેઈન રોડ ઉપર છેલ્લા આઠ વર્ષથી મી.કોકોના નામે રેડીમેઈડ કપડાંની દુકાન ચલાવતો ધો.૧૦ પાસ મોહમદ તૌસીફ ઉર્ફે તૌસીફ કોકો તેના મિત્રો ઈરફાન પઠાણ અને અસ્ફાક કુરેશી સાથે મુંબઈથી એમ. ડી. ડ્રગ્સનો જથ્થો લઈ કાર(નં.જીજે-૦૧-સીવી-૨૩૭૦) માં નવસારી થઈ સુરતમાં આવે છે.આથી મળસ્કે ૩.૩૦ વાગ્યાના અરસામાં ક્રાઈમ બ્રાન્ચે સચીન કપલેથા ચેક પોસ્ટ પાસે વોચ ગોઠવી કારને અટકાવી રૂ. ૫૫, ૪૮,૨૦૦ ની મત્તાના ૫૫૪. ૮૨ ગ્રામ એમ.ડી.ડ્રગ્સ સાથે ત્રણેયને ઝડપી પાડી તેમની પાસેથી ડ્રગ્સ ઉપરાંત કાર, રોકડા રૂ.૫૩,૭૫૦, ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ.૫૮, ૭૧, ૯૫૦ નો મુદ્દા માલ કબજે કર્યો હતો.તેમની પુછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓ મુંબઈના નાલાસોપારા ખાતે એક અજાણ્યા પાસેથી ડ્રગ્સ લાવ્યા હતા અને સુરતમાં વેચવા આપવાના હતા.તૌસીફ સાથે ઝડપાયેલા બે મિત્રો પૈકી ઈરફાનખાન પઠાણ બી.કોમ કર્યા બાદ હાલ એમબીએમાં અભ્યાસ કરે છે અને વીઆઈ કંપનીમાં છેલ્લા બે વર્ષથી દક્ષિણ ગુજરાતમાં ઝોનલ સેલ્સ ટ્રેનર તરીકે નોકરી કરે છે.જયારે અસ્ફાક કુરેશી ધો.૮ સુધી અભ્યાસ કર્યા બાદ દોઢ વર્ષથી ફેશન બકેટના નામે શુઝ, ઘડીયાળ વિગેરેનું ઓનલાઈન વેચાણ કરે છે.ક્રાઈમ બ્રાન્ચે ઝડપાયેલા ડ્રગ્સના જથ્થા અંગે બે અલગ અલગ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે.હજીરા સાયણ રોડ ઉપરથી આ લોકો પકડાયા(૧) તામીર અબ્દુલ કયુમ શેખ (ઉ.વ.૨૦, રહે.કોસંબા, સુરત )(૨) સાહીલ અલ્લા ગુલામ મહંમદ દિવાન (ઉ.વ.૧૯, રહે.કોસંબા, સુરત ) કપલેથા ચેક પોસ્ટ ઉપરથી આ લોકો પકડાયા(૧) ઈરફાન ખાન મોહમદખાન પઠાણ ( ઉ.વ.૩૨, રહે.ઘર નં.૧૨/૨૧૯૭, છોટા એન્ડ્રુસ, વરીયાવી બજાર પોલીસ ચોકી પાસે, સૈયદપુરા, સુરત )(૨) મોહમદ તૌસીફ ઉર્ફે તૌસીફ કોકો મોહમદ રફીક શા ( ઉ.વ.૩૪, રહે.ઘર નં.સી/૭૦/૩, સાબરીનગર, ભરીમાતા રોડ, વેડરોડ, સુરત )(૩) અસ્ફાક ઈર્શાદ કુરેશી ( ઉ.વ.૧૮, રહે.ઘર નં.૩૦૨, ખતીજા એપાર્ટમેન્ટ, ફીસલ્લી મસ્જીદ પાછળ, ખ્વાજા દાનાની દરગાહ પાસે, અઠવા, સુરત

## મઢી સુગર ફેક્ટરીમાં શેરડી પિલાણ સીઝન ૨૦૨૪ -૨૫ ની શરૂઆત કરવામાં આવી



(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : બારડોલી તાલુકાના મઢી ખાતે આવેલ શ્રી મઢી વિભાગ ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની આજરોજ તા.૧૨/૧૧/૨૪ ને મંગળવાર દેવઉઠી અગિયારસ શુભ દિવસે સિઝન ૨૦૨૪-૨૫ ની શરૂઆત સંસ્થાના પ્રમુખ શ્રી સમીરભાઈ.સી. ભક્ત સાહેબના તથા તેમના ધર્મ પત્નીના વરદ હસ્તે શાસ્ત્રોકત પૂજા અર્ચના સાથે કરવામાં આવી હતી તથા બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ અને સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર અવિનાશ ઢેકાણે સાહેબ તથા સંચાલકોની ઉપસ્થિતિમાં આજરોજ સવારે ૯:૩૦ થી પૂજા વિધિ કરી ૨૦૨૪-૨૫ ની પીલાણ સીઝનની ભવ્ય શરૂઆત કરવામાં આવી હતી. નવા વર્ષની પીલાણ સીઝનમાં મઢી સુગરમાં ૧૮,૩૮૩ એકર શેરડી રોપાણ અને લામ શેરડી ૧૧૨૪૪ એકર મળીને કુલ ૨૯,૬૨૭ એકર સંસ્થા માં નોંધાયેલ છે. આગામી સિઝનમાં ૧૦.૦૦ લાખ મેટ્રીક ટન કરતા વધારે શેરડી પિલવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે તેવા ઉદેશથી નવી સિઝનની શરૂઆત કરવામાં આવી છે અને ત્યારબાદ સંસ્થામાં પહેલા નંબર પર આવેલ ટ્રક ડ્રાઈવરોને પ્રોત્સાહન મળી રહે તે હેતુથી ઈનામ આપવામાં આવેલ હતા. સંસ્થાના પ્રમુખશ્રીએ નવા પીલાણ સીઝન ની સભાસદ ભાઈઓ તથા સંચાલકશ્રી અને કામદાર કર્મચારીઓ સંસ્થાની પ્રગતિમાં બધા પૂરક હોય છે. જેથી તમામે સાથ સહકાર આપી અને સંયમથી એકબીજાના સહભાગી થઈ આપણે જે લક્ષ્યાંક રાખ્યો છે તે હાંસલ કરવાનો અનુરોધ કર્યો હતો.

## એક કરોડનું એમડી ડ્રગ્સ સપ્લાય કરનારો હસન મુંબઈથી ઝડપાયો

**સુરત, તા.૧૬:** લાલગેટ માંથી SOGએ સાત મહિના પહેલા એક કરોડનું એમડી ડ્રગ્સ પકડી પાડયું હતું. આ ગુનામાં ક્રાઈમબ્રાંચે એમડી સપ્લાય કરનાર ડ્રગ્સ માફીયા હસન બાબાને મુંબઈથી દબોચી લીધો છે.અગાઉ આ ગુનામાં બે આરોપીઓ પકડાયા હતા. ૨૯મી તારીખે ડ્રગ્સ માફીયા મુહમ્મદ કાસીફ લેપટોપની બેગ ખભે લટકાવી મોપેડ પર રામપુરા લાલમીયા મસ્જિદ પાસે આવ્યો હતો. કાસીફ પાસેથી બેગ શહેબાઝ ખાને લઈ લીધી હતી. બન્ને એકબીજા સાથે વાત કરતા હતા એટલામાં શંકા જતા બન્ને લેપટોપની બેગ રોડ પર ફેંકી શેરીમાં દોડી ગયા હતા. પોલીસે ૧ કરોડનું એમડી કબજે કર્યુ હતું. આ ગુનામાં આરોપીઓને એમડી ડ્રગ્સ મુંબઈના હસન ઉર્ફે હસનબાબા હારૂન શેખ(૩૦)(રહે, સ્ટાર હટમન સોસા, માહીમવેસ્ટ, મુંબઈ, મૂળ રહે, રાયબરેલી, યુપી)એ આપ્યું હતું. આરોપી છેલ્લા ૭ મહિનાથી ભાગતો હતો.

## પાંચપીપળા ગામના પંચાયતનાં મૃતક વી.સી.ઈ.ના પરિવારની મુલાકાત લઈ વી.સી.ઈ. મંડળ દક્ષિણ ઝોન તરફથી રોકડા ૫૧૦૦૦/- હજાર રુપિયાનો યોગદાન અપાયું



(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : આજ રોજ સોનગઢ તાલુકાના પાંચપીપળા ગામના પંચાયતની અંદર ફરજ બજાવતા ચૌધરી સુનિલભાઈ રમણભાઈ જેઓનું અવસાન ગત અઠવાડિયામાં થયું હતું. જેમને મળવા માટે આજ રોજ વી.સી.ઈ મંડળ ગયું હતું અને શ્રધાંજલી રૂપે વી.સી.ઈ મંડળ દક્ષિણ ઝોન તરફથી રોકડા ૫૧૦૦૦/- હજાર રુપિયા એમના પરિવારને આપવામાં આવ્યા છે. અને આવનાર સમયમાં વી.સી.ઈ મંડળ તરફથી જેટલું પણ યથાશકિત યોગદાન થશે એની બાંહેધરી તથા દિલાસો આપેલ છે. જે પ્રસંગમાં હાજર રહેલ વી.સી.ઈ મંડળ ગુજરાત રાજયના ખજાનચી ગોવિંદભાઈ ગાંવિત, દક્ષિણ ઝોન પ્રમુખ તથા તાપી જીલ્લાના પ્રમુખ મેહુલભાઈ પટેલ, તેમજ તાપી જીલ્લાના ઉપપ્રમુખ દિપકભાઈ ગામીત, સાથે સોનગઢ તાલુકા વી.સી.ઈ મંડળના હોદેદારો સંદિપભાઈ ગામીત, પ્રકાશભાઈ વસાવા, રાજેશભાઈ ચૌધરી તેમજ તાલુકા અને જીલ્લાના વી.સી.ઈ઼ ઓ હાજર રહ્યા હતા. સરકારશ્રી તરફથી વી.સી.ઈને પગાર ધોરણ મળતું નથી, કમીશન પર કામ કરતા હોવા છતાં વી.સી.ઈ પરિવાર એકબીજાને સુખ-દુઃખમાં ભાગીદાર થવા તત્પર રહે છે. વી.સી.ઈનું કાંઈ પણ ભવિષ્ય નથી. સરકારશ્રીને નમ્ર અરજ કે વી.સી.ઈના પરિવારનું ભવિષ્ય વિશે વિચાર કરે.

## તાપી જિલ્લામાં ટુ વ્હીલર તથા ફોર વ્હીલર માટે નવી સિરિઝની ગોલ્ડન અને સિલ્વર નંબરની પસંદગીની ફાળવણી માટે ઓનલાઈન રી-ઓક્શન

**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** :.તા.૧૩:એ.આર.ટી.ઓ. કચેરી વ્યારા દ્વારા મોટરીગ પબ્લિકની સગવડતા માટે ગોલ્ડન અને સિલ્વર નંબર પસંદગી તેમજ અન્ય જનરલ નંબરની ફાળવણી માટે ઓનલાઈન રી-ઓક્સન શરૂ કરવામાં આવ્યું છે. ઓનલાઈન RE-AUCTION શરૂ કરવામાં આવનાર છે. જેઅંતર્ગત ટુ-વ્હીલર માટે GJ-26- AA, AD, R, Q, S, AC, AF અને ફોર-વ્હીલર માટે GJ-26-AB, AE, તેમજ ટ્રાન્સપોર્ટ વ્હિકલ્સ માટે GJ-26 T-U RE-AUCTION શરુ કરવામાં આવનાર છે. જેમાં ભાગ લેવા ઈચ્છા ધરાવનાર વાહન માલીકો તેમના વાહનનોનું http://parivahan.gov.in//fancy પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરી ઈ-ઓકશનમાં ભાગ લઈ શકશે છે. જેમાં તા. ૨૦/૧૧/૨૦૨૪ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યેથી તા. ૨૩/૧૧/૨૦૨૪ સાંજે ૩:૫૯ વાગ્યાં સુધી RE-AUCTION ઓનલાઈન માટે ફોર્મ રજીસ્ટ્રેશન તથા એપ્લિકેશન કરવાની રહેશે. તા.૨૩/૧૧/૨૦૨૪ રોજ સાંજે ૪:૦૦ વાગ્યેથી ઈ-ઓકશનનું બિડીગ ઓપન થશે. તથા તા.૨૫/૧૧/૨૦૨૪ ના રોજ સાંજે ૪:૦૦ વાગ્યા સુધી ફોર્મ આર.ટી.ઓ કચેરી વ્યારા ખાતે જમા કરવાના રહેશે.અરજદારો ફેન્સી નંબર મેળવવા ઈચ્છતા હોય તો ઉપર દર્શાવિલ વેબ સાઈટ ઉપર જઈને સી.એન.એ ફોર્મ વાહન ખરીદીના સાત દિવસમાં ઓનલાઈન ભરવાનું રહેશે.ફેન્સી નંબર મેળવવા ઈચ્છુક અરજદારોએ ઉપર દર્શાવિલ તે વેબ સાઈટ ઉપર જઈને સી.એન.એ ફોર્મ વાહન ખરીદીના સાત(૭) દિવસમાં અચુક ઓનલાઈન ભરી દેવાનું રહેશે.ઓક્શનમાં સિલ્વર અને ગોલ્ડન નંબર માટે જરૂરી base price ચૂકવવાની રહેશે. ઓનલાઈન ઓક્શનએ ડાયનેમિક ઓક્શન પ્રક્રિયા રહેશે એટલે કે, અરજદારને હરાજી પ્રક્રિયા દરમિયાન ઓનલાઈન ચેક કરીને, વખતો-વખત હરાજીની રકમમાં વધારો કરવાનો રહેશે.આ ઉમેરો ૧૦૦૦ ના ગુણાંકમાં રહેશે.હરાજી પૂર્ણ થયેથી બિડીંગમાં વધારેલ હરાજીની રકમની ઓન લાઈન ચુકવણી દિન-૦૭માં કરવાની રહેશે.જો આ નિયત સમયમાં નાણાંચૂકવવામાં નિષ્ફળ જશો, તો મૂળ રકમ જપ્ત કરી ફરીવાર હરાજી કરાવવામાં આવશે. એમ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી-તાપીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સુરત પાલિકાના ૯ ઝોનમાંથી ૪ ઝોનનો હવાલો એક જ અધિકારીને માથે નંખાયો

**સુરત,** દેવ દિવાળીની ઉજવણી સાથે દેવોની દિવાળી શરુ થઈ અને સાંજે પુરી પણ થઈ જશે, પરંતુ સુરત પાલિકાના અધિકારી ઓની દિવાળીની રજા પુરી થઈ નથીતેની અસર સીધી પાલિકાના વહીવટ પર થઈ રહી છે. સુરત પાલિકાના અનેક ઉચ્ચ અધિકારીઓ રજા પર છે તેના કારણે પાલિકાના અનેક ઝોન ભગવાન ભરોસે હોય તેવો માહોલ ઉભો થયો છે. તેમાં પણ હાલ અનેક અધિકારીઓ રજા પર હોવાના કારણે સુરત પાલિકાના નવ ઝોનમાંથી એક જ અધિકારીને ચાર ઝોનનો કાર્યભાર સોંપી દેવામાં આવ્યો છે જે પાલિકામાં ચર્ચાનો વિષય બન્યો છે. સુરતમાં દિવાળીના વેકેશનનો માહોલ અન્ય ઓફિસમાં પૂરો થઈ ગયો છે પરંતુ સુરત પાલિકાની કચેરીમાં હજી પણ દિવાળીની રજાનો માહોલ પૂરો થયો નથી. દિવાળી દરમિયાન અનેક અધિકારી-કર્મચારીઓએ રજા મુકી હતી. તેમની રજામાં ઘટાડો કરવા માટેની સૂચના આપી દેવામાં આવી હતી. તેમ છતાં હજુ પણ અનેક ઉચ્ચ અધિકારીઓ રજા પર હોવાથી પાલિકાનો વહીવટ પર અસર પડી રહી છે. સુરત પાલિકાના વરાછા ઝોનમાં પે એન્ડ પાર્કના લાંચ કેસમાં પાલિકાના વિરોધ પક્ષ આપના બે કોર્પોરેટરની ધરપકડ થઈ હતી અને તેમાં કાર્યપાલક ઈજનેર અને એ.આર.ઓ.ની. ભૂમિકા પણ બહાર આવી છે. ત્યારબાદ કાર્યપાલક ઈજનેર કમલેશ વસાવા પાલિકા તંત્રની મંજૂરી વિના જ ભૂગર્ભમાં ઉતરી ગયા છે. ગઈકાલે મોડી રાત્રે તેમનો ચાર્જ લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલાને સોંપી દેવામા આવ્યો છે. જોકે, બે દિવસ પહેલાં વરાછા ઝોનના ઝોનલ ચીફ ભગવાગર અગાઉની મંજુર રજા હોવાથી રજા પર ઉતરી ગયાં છે અને સરકારમાંથી આવેલા રાજેન્દ્ર પટેલની સૌથી વધુ રજા મંજુર હોય તેઓ પણ રજા પર છે. આ સાથે મેડિકલ ઈમરજન્સીના કારણે કતારગામના ઝોનલ ચીફ મહેશ ચાવડા પણ રજા પર છે. આવા સમયે મ્યુનિ. કમિશ્નરે રાંદેર ઝોનના ઝોનલ ઓફિસર એવા ડે.કમિશનર ધર્મેશ મિસ્ત્રીને કતારગામ, વરાછા એ ઝોન અને સરથાણા ઝોનના ઝોનલ ચીફનો ચાર્જ સોંપી દીધો છે. પાલિકામાં હાલ અધિકારી ઓની અછત છે તેથી પાલિકાના નવ ઝોનમાંથી ચાર ઝોનનો ચાર્જ એક જ ડેપ્યુટી કમિશનરને સોંપી દેવામાં આવ્યો તે ચર્ચાનો વિષય બન્યો છે.

## મહારાષ્ટ્ર રાજયના મોહાડી પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુન્હામાં નાસતા ફરતા આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ તાપી તથા પેરોલ ફર્લો સ્કોર્ડ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : આજરોજ શ્રી ડી.એસ. ગોહીલ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ એ.એસ.આઇ. આનંદજી ભાઇ ચેમાભાઇ પેરોલ ફર્લો સ્કોર્ડ તાપી નાઓ એલ.સી.બી./પેરોલ ફર્લો સ્કોડ, તાપીના પોલીસ માણસો સાથે ઉચ્છલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા. તે દરમ્યાન અ.હે.કો. જયેશભાઈ લીલકિયા ભાઈ એલ.સી.બી. તાપીને મળેલ ખાનગી બાતમી આધારે સાકરદા બ્રીજ નીચે મહારાષ્ટ્ર રાજયના તા.જી.ધુલીયા મોહાડી પોલીસ સ્ટેશનમા નોંધાયેલ લૂંટના ગુનાના કામે સંડોવાયેલ નાસતો ફરતો વોન્ટેડ સુમિત ઉર્ફે સુનિલભાઇ વિરજીભાઇ ગામીત.મુળ રહે.ઝરણપાડા નિશાળ ફળીયુ તા.ઉચ્છલ જી.તાપી,હાલ રહે.ભવરે તા.નવાપુર જી.નંદુરબાર નાઓને તા.૧૨/૧૧/૨૦૨૪ ના રોજ અટક કરી આગળની વધુ કાર્યવાહી માટે વ્યારા પો.સ્ટે.ને સોંપેલ છે.કામગીરી કરનાર ટીમ :- પો.ઈન્સ. શ્રી ડી.એસ. ગોહીલ એલ.સી.બી. તાપીની સુચનાથી એ. એસ. આઇ. આનંદજી ભાઇ ચેમાભાઇ, અ.હે.કો. જયેશભાઇ લીલકિયાભાઇ, અ.પો.કો. રવિન્દ્રભાઇ મહેન્દ્રભાઇ, અ.પો.કો. રાહુલભાઇ દિગંબરભાઇ પેરોલ ફર્લો સ્કોર્ડ, તાપીએ કામગીરી કરેલ છે.

## અડાજણના કોન્ટ્રાક્ટરના નગ્ન ફોટા પાડી રેપકેસની ધમકી આપી, પોલીસના નામે ૫ લાખ પડાવી લીધા

**સુરત,** અડાજણના ૪૫ વર્ષીય કોન્ટ્રાક્ટરને કામના બહાને પાર્લેપોઈન્ટના વૃંદા કોમ્પલેક્ષ માં બોલાવી ટોળકીએ હનીટ્રેપમાં ફસાવ્યો હતો. જેમાં કોન્ટ્રાક્ટરને હાથકડી પહેરાવી તેના નગ્ન ફોટા પાડી પોલીસના નામે ધમકાવી ૫ લાખ રૂપિયા પડાવ્યાની ઘટના ઉમરા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. પોલીસે ૬ આરોપીઓ સામે ગુનો નોંધી ટોળકીના ૪ નકલી પોલીસ કર્મીને ઝડપી પાડ્યા છે.અડાજણ પાટિયાના કોન્ટ્રાક્ટર ને અમાનઉલ્લાહ શેખ નામન વ્યકિતએ કહ્યું કે, 'મારે અરજન્ટ કામ છે, તમે મારા ઘરે આવો,' કોન્ટ્રાક્ટર ૧૪મી તારીખે બપોરે અમાનઉલ્લાના પાર્લે પોઈન્ટ વૃંદાવન કોમ્પ્લેક્ષમાં ગયો હતો. અમન તેને એક રૂમમાં લઈ ગયો હતો જ્યાં પહેલેથી એક યુવતી હતી. અમન જેવો બહાર નીકળીને ગયો ત્યાં નકલી પોલીસ ઘૂસી આવી હતી. તેમણે કોન્ટ્રાક્ટરને કહ્યું કે શું કરો છો કહી તમાચા ઠોકી દીધા . કોન્ટ્રાક્ટરને હાથકડી પહેરાવી નગ્ન ફોટો પાડી લીધા હતા. તેને રેપના ગુનામાં ફસાવી દેવાની ધમકી આપી હતી.નકલી પોલીસે ગુનો દાખલ નહિ કરવા માટે ૨૦ લાખની માંગણી કરી રકઝક થતાં છેવટે ૫ લાખ આપવાના નક્કી કર્યા હતા. કોન્ટ્રાક્ટરે તેના મિત્રને ૫ લાખ લઈને સરગમ શોપિંગ સેન્ટર પાસે બોલાવ્યો હતો. જ્યાં કોન્ટ્રાક્ટરે ૫ લઈ નકલી પોલીસના રિક્ષાવાળા સુમિતને આપી દીધા હતા.કોન્ટ્રાક્ટરે ફરિયાદ આપતા ઉમરા પોલીસે નકલી PSI અમિત સહિત ટોળકીના ૬ સામે ગુનો નોંધ્યો હતો. જેમાં પોલીસે અમિત મનસુખ ઠક્કર(૩૦ વર્ષ, ૫૦૧, વસંત વિહાર, કતારગામ), ડીસ્ટાફ તરીકે ઓળખ આપનાર વિજય મણીલાલ માળી( ૩૧ વર્ષ, આજવા રોડ, વડોદરા), અલ્પેશ જગદીશ પટેલ( ૩૪ વર્ષ, મહાવીર નગર, કતાર ગામ), અને અમાન ઉલ્લાહ શેખ( ૩૯ વર્ષ, વૃંદાવન કોમ્પ લેક્ષ, ઉમરા)ની ધરપકડ કરી છે.

ગુજરાત રક્ષા

તંત્રી સ્થાનેથી

## કોલકાતા રેપ-મર્ડરઃ સંજયની બૂમોથી હવે કશું ના થાય

કોલકાતાની આર.જી. કાર હોસ્પિટલ અને મેડિકલ કોલેજમાં ૩૧ વર્ષની ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર કરીને હત્યા ગુજારવાનો કેસ પાછો ગાજ્યો છે. આ રેપ-હત્યા કેસના મુખ્ય આરોપી સંજય રોયને ૪ નવેમ્બરે પોલીસ સિયાલદહ કોર્ટમાં હાજર કર્યા પછી બહાર લઈ જતી હતી ત્યારે સંજયે મમતા બેનરજી સરકારની આ કેસમાં સંડોવણીનો આક્ષેપ કરેલો. સંજય રોયે મીડિયાના કેમેરા સામે કહેલું કે, મમતા બેનરજી સરકાર તેનેફસાવી રહી છે અને તેને મોઢું નહીં ખોલવા ધમકી આપવામાં આવી છે. હવે સંજય રોયે ફરી એકવાર મમતા સરકારને જવાબદાર ઠેરવી છે અને આ વખતે ઘટના સમયે કોલકાત્તાના પોલીસ કમિશનર વિનીત ગોયલનું નામ લીધું છેસંજય રોયને સોમવાર ને ૧૧ નવેમ્બરે સિયાલદાહ કોર્ટમાં હાજર કર્યા પછી પાછો લઈ જવામાં આવી રહ્યો હતો ત્યારે પોલીસ વાનમાંથી બૂમો પાડીને કહ્યું કે, વિનીત ગોયલે આ ઘટનાનું કાવતરું ઘડ્યું હતું અને તેણે મને ફસાવ્યો હતો. સંજયના કહેવા પ્રમાણે હોસ્પિટલમાં ડોક્ટર યુવતી પર બળાત્કાર અને હત્યાનું કાવતરું ગોયલે જ ઘડેલું અને બીજા પોલીસ ઓફિસરો પણ તેમાં સામેલ હતા. આ ઘટનામાં વિનીત ગોયલની ભૂમિકા સામે પહેલાં પણ સવાલ ઉઠ્યા હતા. ૮ ઓગસ્ટની રાત્રે આર.જી. કાર હોસ્પિટલમાં ૩૧ વર્ષની ટ્રેઈની ડોક્ટર યુવતી પર બળાત્કાર ગુજારીને હત્યા કરવામાં આવી હતી. પીડિતાનો મૃતદેહ ૯ ઓગસ્ટે સવારે મળ્યો તેના એક દિવસ પછી ૧૦ ઓગસ્ટે પોલીસે સંજય રોયની ધરપકડ કરી હતી. આ ઘટનાની વિરુદ્ધ આખા દેશમાં લોકોમાં જબરદસ્ત આક્રોશ પેદા થયો હતો.બળાત્કાર-હત્યાની ઘટનાના વિરોધમાં હોસ્પિટલના જુનિયર ડોક્ટરોએ ૧૦ ઓગસ્ટથી શરૂ કરી પછી ૨૧ સપ્ટેમ્બર સુધી ૪૨ દિવસની હડતાળ પર ઉતર્યા હતા. ડોક્ટરોએ મમતા બેનરજી સરકાર સમક્ષ પાંચ માગણીઓ મૂકી તેમાં એક માગણી કોલકાત્તાના પોલીસ કમિશનર વિનીત ગોયલના રાજીનામાની માગની પણ હતી. એ વખતે પણ ગોયલ શંકાના દાયરામાં આવ્યા હતા. ડોક્ટરોનો આક્રોશ જોયા પછી મમતા સરકારે ૩ માગણીઓ સ્વીકારીને ૧૭ સપ્ટેમ્બરે વિનીત ગોયલને પોલીસ કમિશનરપદેથી હટાવી દેતાં ડોક્ટરોએ હડતાળ સમેટી લીધી હતી અને હોસ્પિટલોમાં કામ પર પાછા ફર્યા હતા. જો કે ૨૭ સપ્ટેમ્બરે સાગર દત્તા હોસ્પિટલમાં ૩ ડોકટરો અને ૩ નર્સો પર હુમલો થતાં ભડકેલા ડોકટરોએ ૧ ઓક્ટોબરથી ફરી હડતાલ શરૂ કરી હતી. સરકારની સમજાવટ પછી ૪ ઑક્ટોબરે જુનિયર ડોક્ટરોએ હડતાળ સમેટી લીધી હતી પણ ધરણા ચાલુ રાખ્યા છે. ડોક્ટરોની હડતાળના કારણે વિનીત ગોયલની આ કાંડમાં શું ભૂમિકા હતી એ વાત બાજુ પર મુકાઈ ગયેલી પણ હવે સંજય રોયે પાછો એ મુદ્દો ઉખેળતાં ગોયલ પાછા ચર્ચામાં છે. સંજય રોયે ગોયલ સામે સીધા બળાત્કાર અને હત્યાના આક્ષેપો જ કરી દીધા છે તેથી તેની ગંભીરતા વધી જાય છે.જો કે સંજયે અત્યાર સુધીની તપાસમાં વિનીત ગોયલ કે બીજા કોઈની સંડોવણીના કોઈ પુરાવા નથી આપ્યા. ભારે હોહા પછી મમતા બેનરજી સરકારે આ કેસની તપાસ સીબીઆઈને સોંપી દીધી હતી. સીબીઆઈની તપાસમાં પણ ગોયલ કે બીજા કોઈની સામે કોઈ પુરાવા નથી રજૂ કરાયા. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન એ તેની ચાર્જશીટમાં સંજય રોયનું મુખ્ય આરોપી તરીકે નામ આપ્યું છે. પહેલા આ કેસ ગેંગ રપનો હોવાનું કહેવાતું હતું પણ સીબીઆઈએ આ કેસને ગેંગરેપના બદલે રેપનો કેસ ગણાવ્યો છે. ચાર્જશીટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે પીડિતાના શરીરમાંથી મળેલા વીર્યના સેમ્પલ અને લોહી આરોપી સાથે મેચ થાય છે. ફોરેન્સિક તપાસ બાદ ગુનાના સ્થળેથી મળેલા વાળ પણ આરોપીના વાળ સાથે મેચ થયા હતા. સીબીઆઈની ચાર્જશીટમાં ૧૦૦ સાક્ષીઓનાં નિવેદનો, ૧૨ પોલીગ્રાફ ટેસ્ટ રિપોર્ટ, સીસીટીવી ફૂટેજ, ફોરેન્સિક રિપોર્ટ, મોબાઈલ કોલ ડિટેઈલ અને લોકેશનને પુરાવા તરીકે રજૂ કરાયા છે.ઘટનાના દિવસે આરોપીના ઈયરફોન અને મોબાઈલ બ્લૂટૂથ દ્વારા કનેક્ટ કરવામાં આવ્યા હતા. બ્લુ ટૂથ ડીવાઈસ બળાત્કારના સ્થળેથી મળી આવી હતી અને ચાર્જશીટમાં તેને પણ મહત્ત્વના પુરાવા ગણવામાં આવ્યા છે પણ બીજા કોઈની સંડોવણી બહાર નથી આવી કે કોઈની ધરપકડ પણ નથી કરાઈ. સીબીઆઈએ આ કેસમાં સંજય રોયને એકમાત્ર આરોપી તરીકે ઝડપ્યો છે.આ કેસમાં કાર હોસ્પિટલના ભૂતપૂર્વ પ્રિન્સિપાલ સંદીપ ઘોષની પણ ધરપકડ કરવામાં આવી છે પણ સંદીપ ઘોષ ભ્રષ્ટાચાર બદલ જેલની હવા ખાઈ રહ્યા છે. ટ્રેઈની ડોક્ટર પર બળાત્કાર કરીને હત્યા ગુજારવામાં તેમની સીધી કોઈ સંડોવણી નથી કે તેની સાથે તેમને કંઈ લેવાદેવા નથી. એવું પણ કહી શકાય કે, તેમની સીધી સંડોવણીના કોઈ નક્કર પુરાવા હાથ લાગ્યા નથી. સંજય રોયના આક્ષેપો ગંભીર છે તેમાં બેમત નથી. આરોપી સંજય સિવિક વોલેન્ટિયર હતો અને પોલીસ સાથે મળીને કામ કરતો હતો. આ સંજોગોમાં પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે તેને ઘરોબો હતો. તેના કારણે તેના આક્ષેપોની ગંભીરતા વધી જાય છે. અલબત્ત તેનું વર્તન શંકાસ્પદ પણ છે.પોલીસે ૧૦ ઓગસ્ટે તેની ધરપકડ કરી હતી એ જોતાં છેલ્લા ૩ મહિનાથી સંજય જેલમાં છે. આ દરમિયાન તેણે કોઈ પુરાવા નથી આપ્યા કે કોઈનું નામ નથી આપ્યું. શરૂઆતમાં તેની ધરપકડ કોલકાતા પોલીસે કરી હતી તેથી પોલીસ અધિકારીઓની સંડોવણી હોવા છતાં એ બોલી ના શક્યો હોય એ શક્ય છે પણ પછીથી એ સીબીઆઈની કસ્ટડીમાં હતો. સીબીઆઈ કેન્દ્ર સરકારની એજન્સી છે અને વિનીત ગોયલ સહિત મમતા બેનરજી સરકારના કોઈ પણ માનીતા પોલીસ અધિકારીની સંડોવણીનો અણસાર પણ મળે તો તેને ઉઠાવીને જેલમાં નાખવા અને ફિટ કરી દેવા તલપાપડ હતી.

# સની ટોરન્ટોને ક્લીન ચિટ, કેનેડા આતંકીઓને કંઈ નહીં કરે



ભારત અને કેનેડા વચ્ચેના તણાવપૂર્ણ સંબંધોને સુધારવાની પહેલ કોણ કરે તેની રાહ જોવાઈ રહી છે ત્યારે કેનેડાએ ભારત સાથેના સંબંધો વણસે એવો વધુ એક નિર્ણય લઈને ભારતમાં વોન્ટેડ આતંકવાદી ઓની યાદીમાં સામેલ આતંકી સંદીપ સિંહ સિદ્ધ ઉર્ફે સની ટોરોન્ટોને નિર્દોષ જાહેર કર્યો છે. સની ભારતમાં પ્રતિબંધિત સંગઠન ઈન્ટરનેશનલ શીખ યુથ ફેડરેશન નો સભ્ય પણ છે. આ વર્ષે ઓક્ટોબરમાં ભારત સરકારે સનીને ભાગેડુ આતંકવાદી જાહેર કર્યો હતો. સની પર પંજાબમાં આતંકવાદ ફેલાવવ । માટે હત્યાઓ કરાવવાનો અને પાકિસ્તાની આતંકવાદીઓ સાથે સંબંધ હોવાનો આરોપ મુકાયેલો છે.ભારતે કેનેડા બોર્ડર સર્વિસ એજન્સી માં નોકરી કરતા સની ટોરન્ટોને આતંકવાદી ગણાવતાં કેનેડાએ તેને સસ્પેન્ડ કરીને તપાસ શરૂ કરી હતી. કેનેડિયન સિક્યોરિટી ઈન્ટેલિજન્સ સર્વિસ એ સની સામે આતંકવાદના આરોપોની તપાસ કર્યા પછી તેને ક્લીનચીટ આપી છે. તેના પગલે સનીને કેનેડા બોર્ડર સર્વિસ એજન્સી માં ફરી સુપરિન્ટેન્ડેન્ટના પદ પર મૂકી દેવામાં આવ્યો છે.ભારતે સની પર ભારતમાં શૌર્ય ચક્ર વિજેતા બલવિંદર સિંહ સંધુની હત્યા કરવાનો આરોપ મૂક્યો હતો અને મજબૂત પુરાવા પણ આપ્યા હતા, બલવિંદરસિંહ સંધુ વ્યવસાયે શિક્ષક હતા અને ખાલિસ્તાન વિરોધી ચળવળકાર હતા. શીખો માટે અલગ ખાલિસ્તાનની માગણીનો વિરોધ કરનારા સંધુ ૧૯૯૦ના દાયકામાં પંજાબમાં ખાલિસ્તાની આતંકવાદ સામે લડ્યા હતા. આ બહાદુરી બદલ તેમને ૧૯૯૩માં શૌર્ય ચક્રથી નવાજવામાં આવ્યા હતા. બલવિંદર સિંહ સંધુની ૧૬ ઓક્ટોબર ૨૦૨૦ના રોજ તેમના પંજાબના ભીખીવિંડમાં આવેલા ઘરની સામે ગોળી મારીનેહત્યા કરાઈ હતી. આ કેસમાં બંને હત્યારા ઝડપાઈ ગયા હતા ને તેમણે કબૂલ્યું હતું કે સની ટોરોન્ટોએ તેમને સંધુની હત્યા કરવાની સોપારી આપી હતી. બંને હત્યારાઓએ બલવિંદર સિંહ સંધુની હત્યામાં સુખમીત પાલ સિંહ અને લખવીર સિંહની સંડોવણીની પણ કબૂલાત કરી હતી. સુખમીત પાલ સિંહ અને લખવીર સિંહ બંને ખાલિસ્તાની એક્ટિવિસ્ટ છે અને બંને સામે ઘણા કેસ પણ નોંધાયેલા છે.નેશનલ ઈન્ટેલિજન્સ એજન્સી એ સની ટોરોન્ટોની હત્યામાં સંડોવણીના પુરાવા આપ્યા હતા. એનઆઈએએ સની ખાલિસ્તાની આતંકવાદીઓ સાથે સંકળાયેલો હોવાના તથા પાકિસ્તાની ગુપ્તચર સંસ્થા આઈએસઆઈ સાથે પણ તેના સંબંધો હોવાના પુરાવા પણ આપ્યા છે. સંધુની હત્યામાં સની અને આઈએસઆઈ બંનેની સંડોવણી હતી તેના પુરાવા આપ્યા હતા છતાં કેનેડાએ તેને ક્લીન ચીટ આપીને ભારતને મેસેજ આપી. દીધો છે કે, ભારત ગમે તેટલા ધમપછાડા કરે તો પણ કેનેડાને ખાલિસ્તાનવાદી આતંકવાદીઓને કશું કરવામાં રસ નથી. કેનેડામાં બેઠાં બેઠાં આ ખાલિસ્તાનવાદી આતંકવાદીઓ ભારતમાં હત્યાઓ કરાવે કે બીજી આતંકવાદી પ્રવૃત્તિઓ કરે પણ કેનેડાને કોઈ ફરક પડતો નથી. કેનેડા ખાલિસ્તાનવાદી આતંકવાદીઓને પોષવાનું, પંપાળવાનું અને છાવરવાનું ચાલુ જ રાખશે.કેનેડા ભારતની સુરક્ષા સામે ખતરારૂપ ખાલિસ્તાની આતંકવાદી ઓનો અડ્ડો બની ગયું છે એ વાત જગજાહેર છે ને કેનેડા તેમને કશું કરવા નથી માગતું એ પણ જગજાહેર છે કેનેડાની નેશનલ સિક્યુરિટી અને ઈન્ટેલિજન્સ સંસદીય સમિતિએ કેનેડામાં જાહેર સલામતી (પબ્લિક સેફ્ટી) અંગે ૨૦૧૮માં બહાર પાડેલા રિપોર્ટ માં કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદ ફરી માથું ઊંચકી રહ્યો હોવાનું કહેલું ને હમણાં જસ્ટિન ટ્રુડોએ પોતે ખાલિસ્તાનવાદીઓની કેનેડામાં સક્રિયતાનો સ્વીકાર કર્યો પણ છતાં કોઈ પગલાં લેવામાં તેમને રસ નથી. ૨૦૧૮ના રિપોર્ટ પ્રમાણે, કેનેડાની ધરતીનો ઉપયોગ ખાલિસ્તાનના સમર્થકો ખાલિસ્તાની આંદોલનને ફરી સક્રિય કરવા કરી રહ્યા છે. કેટલાક કેનેડિયન નાગરિકો ખાલિસ્તાની વિચારધારા અને આતંકવાદી ચળવળને સમર્થન આપે છે અને નાણાકીય મદદ પણ કરે છે. આ રિપોર્ટ પ્રમાણે કેનેડા ઉપરાંત બ્રિટન, પાકિસ્તાન અને અમેરિકામાં ખાલિસ્તાન સમર્થકોનું પ્રમાણ વધી રહ્યું છે.આ રિપોર્ટમાં હરદીપસિંહ નિજ્જરનો પણ ઉલ્લેખ હતો. નિજ્જર કેનેડામાં શીખ આતંકવાદીઓને ટ્રેઈનિંગ આપવા માટેના કેમ્પ ચલાવતો હોવાનો આ રિપોર્ટમાં ઉલ્લેખ હતો. હરદીપ સિંહ નિજ્જરની ૧૮ જૂન ૨૦૨૩ના રોજ હત્યા કરવામાં આવી હતી. કેનેડાના સરે શહેરમાં ગુસ્તારામાંથી બહાર નીકળતી વખતે નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી પછી ૧૮ સપ્ટેમ્બરે કેનેડાના વડા પ્રધાન ટ્રુડોએ ભારત સરકાર પર નિજ્જરની હત્યામાં સામેલ હોવાનો આરોપ મૂક્યો અને તેના કારણે બંને દેશોના સંબધો વણસ્યા છે.'ટેરરિઝમ થ્રેટ ઈન કેનેડા' રિપોર્ટમાં દાવો કરાયો હતો કે, કેનેડાને જિહાદના નામે આતંકવાદ ફેલાવતા કટ્ટરવાદી ઈસ્લામિક આતંકવાદીઓ જેટલો જ ખતરો ખાલિસ્તાન વાદી આતંકવાદી ઓ તરફથી છે. ભારતમાંથી પંજાબ સહિતના વિસ્તારોને આવરી લઈને અલગ ખાલિસ્તાન રાષ્ટ્રની માગણી કરતા ખાલિસ્તાન વાદીઓ કેનેડા માટે ખતરો બની શકે છે એવી ચેતવણી પણ અપાઈ હતી.કેનેડા સરકારના સત્તાવાર રિપોર્ટમાં આ વાત કહેવાયેલી હોવાથી કેનેડા કોઈ પગલાં લેશે એવી આશા સાથે ભારતે કેનેડાને ભારત માટે મોસ્ટ વોન્ટેડ આતંકવાદીઓની યાદી પણ આપી છે. ભારતમાં આતંકવાદ સામે લડતી નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ની મોસ્ટ વોન્ટેડ ટેરરિસ્ટ અને ગેંગસ્ટર્સની એક યાદી તૈયાર કરી છે. આ યાદીના ૧૭ ટોચના ટેરરિસ્ટ કે ગેંગસ્ટર્સ કેનેડામાં રહે છે અથવા કેનેડા સાથે સંકળાયેલા છે.આ પૈકી મોટા ભાગના આતંકવાદી તો કેનેડામાં જ રહે છે પણ ઘણા અમેરિકા કે યુરોપના કોઈ દેશમાં રહે છે પણ કેનેડા આવતા-જતા રહે છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા વ્યક્તિગત રીતે આતંકવાદી જાહેર કરાયેલા આ અપરાધીઓ કેનેડામાં બેઠાં બેઠાં પંજાબ અને આસપાસનાં રાજ્યોમાં ગેંગ્સ ચલાવે છે, ખંડણી ઉઘરાવે છે, હત્યાઓ કરાવે છે ને બીજી પણ આતંકવાદી પ્રવૃત્તિઓ કરે છે.આ આતંકવાદીઓ સામે કેનેડા કોઈ પગલાં જ નથી ભરતું ને હવે સનીને ક્લીન ચીટ આપી દેવાઈ તેના પરથી કેનેડાના બદઈરાદા સમજી જવાની જરૂર છે.કેનેડા ખાલિસ્તાનવાદી આતંકવાદીઓને કશું કરતું નથી કેમ કે શીખ મતદારો પર તેમનો પ્રભાવ છે. કેનેડાની ચૂંટણીમાં શીખ મતદારો નિર્ણાયક છે. કેનેડાની ૩.૭૦ કરોડની વસતીમાં ૧૬ લાખ એટલે કે લગભગ ચાર ટકા ભારતીય મૂળનાં લોકોમાંથી અડધા એટલે કે ૭.૭૦ લાખ શીખ છે. કેનેડાના ૩૩૮ સાંસદોમાંથી ૧૮ શીખ છે જ્યારે ૧૫ અન્ય બેઠકો એવી છે કે જ્યાં કોણ જીતશે એ શીખ મતદારો નક્કી કરે છે. કુલ મળીને કેનેડાની સંસદની ૩૩ એટલે કે ૧૦ ટકા બેઠકો પર શીખોનો પ્રભાવ છે. આ કારણે કોઈ પણ રાજકીય પક્ષ શીખ સમુદાયને નારાજ કરવા માગતો નથી. ટ્રુડોની પાર્ટી તો તેમના પિતાના સમયથી સીખોની પ્રિય રહી છે તેથી ટ્રુડો ભારતને નારાજ કરીને પણ શીખોને રાજી રાખવા મથ્યા કરે છે. આ સંજોગોમાં કેનેડા આતંકવાદીઓને કશું કરે એવી આશા ના રાખતા.

## ઇ-કંકોત્રી મારફતે હેકર્સ વાઇરસ મોકલીને સિસ્ટમ હેક કરી શકે છે



તુલસી વિવાહ સંપન્ન થયા બાદ હવે મેરેજની સિઝન પુરબહારમાં ખીલી ઉઠશે. દેશમાં આગામી ૨૩ દિવસોમાં ૩૮ લાખ લગ્નો યોજાશે. ગયા વર્ષે આ સમય ગાળામાં ૩૨ લાખ લગ્નો યોજાયા હતા. કરોડો રૂપિયા ખર્ચાશે અને પોતાના સંબંધીઓને ત્યાં લગ્નોમાં લોકો મહાલશે. જોકે લગ્નોની સિઝનની ખરીદી તેમજ આયોજનમાં વ્યસ્ત લોકો પર ઈન્ટરનેટ હેકર્સ વોચ રાખીને બેઠા છે. લોકોને કેવી રીતે ફસાવવા તેની વિવિધ ટ્રીક્સ હેકર્સ અપાનવતા હોય છે. લોકો કંઇ સમજે તે પહેલાં તો તેનું બેંક બેલેન્સ ખાલી થઇ જતું હોય છે.લગ્નોની મોસમમાં હવે ઇ-કંકોત્રીની સિસ્ટમ (ડિજીટલ વેડીંગ આમંત્રણ)શરૂ થઇ છે. જે લોકોને રૂબરૂ મળવા નથી જઈ શકાતું તેમને ઇ કંકોત્રી મોકલવામાં આવે છે. આ કંકોત્રીની પીડીએફ સામાન્ય રીતે કંકોત્રી પ્રિન્ટ કરનારાજ તૈયાર કરી આપતા હોય છે. લોકો પણ કંકોત્રી સાચવવાના બદલે મોબાઇલમાંજ તારીખો જોતા થઇ ગયા છે. મોબાઇલમાં ગુગલ મેપ સાથેના એડ્રેસની સવલતો આપેલી હોય છે. જેના કારણે કંકોત્રી સાચવી રાખવાની બહુ જરૂર નથી પડતી.હેકર્સની નજરમાં ઇ કંકોત્રી આસાન ટાર્ગેટ બની ગઇ છે. હેકર્સ બોગસ ઇ કંકોત્રી બનાવીને લોકોને મોકલી રહ્યા છે. લોકો લગ્નનું આમંત્રણ સમજીને તે હોંશે હોંશે ખોલીને એ જોવોનો પ્રયાસ કરે છે કે કોને ત્યાં લગ્ન છે અને કઇ તારીખે છે. પરંતુ આવી ઇ કંકોત્રી ખોલનારા હેકર્સના ટ્રેપમાં ફસાઇ જાય છે. કંકોત્રીનું ત્રીજું પાનું ખોલતા સુધીમાં તો તેમના વાઇરસ ડિજીટલ ઇન્સટ્રૂમેન્ટમાં પ્રવેશી જાય છે અને તેમાં પ્રસરી જાય છે.વોટ્સ એપ પર શરૂ થયેલું આ ઇ કંકોત્રી કૌભાંડ અનેકને ફસાવી ચૂક્યું છે. ડિજીટલ વેડીંગ આમંત્રણની બોલબાલા તેમજ નવા ટ્રેન્ડને હેકર્સે ટાર્ગેટ કર્યો હતો. ડિજીટલ આમંત્રણ હવે ફેશનની સાથે ટ્રેન્ડ પણ બની ગયો છે. ડિજીટલ ક્ષેત્રે પોતાની ઓળખ માટે લોકો એટલા હરખપદૂડા બની ગયા છે કે તેમને સાયબર ગુનેગારો તમે ત્યારે ત્રાટકી શકતે છે તે બાબતની લગ્ગીરેય પડી નથી.સાયબર ક્રિમિનલોની દુનિયા સાવજ અલગ પ્રકારની છે. લોકોના મનમાં શું રમે છે તે જાણવાની આ ગેંગ સતત પ્રયાસ કરતી હોય છે. ડિજીટલ ઇન્વીટેશન પર સાયબર ફ્રોડ કરનારા ત્રાટકી શકે તે તો સાયબર પોલીસે પણ વિચાર્યું નહોતું.સાયબર ક્રિમિનલ્સ બહુ સ્માર્ટ સાબિત થઇ રહ્યા છે. સાયબર ક્રિમિનલ્સ જાણતા હતાકે ડિજીટલ આમંત્રણ ત્વરીત ખોલવા માટે સૌ ઉતાવળા હોય છે. અજાણ્યા નંબર પરથી ઇ કંકોત્રી આવી હોવા છતાં લોકો તેને ખોલતાં અચકાતાં નથી.સાયબર ક્રિમિનલ સાથે સંકળાયેલી ગેંગ વિવિધ રાજ્યોમાં પથરાયેલી છે અને ઇન્ટરનેટ જાણતા યુવાનો હેકર્સના સ્લીપર સેલ તરીકે કામ કરતા હોય છે.સાયબર ફ્રોડ કરનારા જ્યારે ડિજીટલ સિસ્ટમ પર કાબુ મેળવે છે ત્યારે તેની પાસે સિસ્ટમ રહેલી બેંકની વિગતો, પાસવર્ડ તેમજ પર્સનલ ઇન્ફોર્મેશન વગેરે આસાનીથી આવી જાય છે. તે કોઇને ધમકાવીને પૈસા પડાવવાનું કામ પણ હેક કરેલી સિસ્ટમ પરથી કરી શકે છે. તે કોઇને ધમકી પણ હેક કરેલી ડિજીટલ સિસ્ટમ પરથી આપી શકે છે.

# સુરત કલેકટરને મુસ્લિમ સમાજે આવેદનપત્ર આપી કહેવાતા તોડબાજ પત્રકારો પર કાર્યવાહીની માંગ કરાઇ

**સાબીર અબ્દુલ હમીદ શેખ કે જેઓ પોતે પત્રકાર છે અને "દિવ્ય સંદેશ" નામનું એક દૈનિક સમાચાર પત્ર પબ્લીશ કરે છે. બિલાલ અબ્દુલ ખાલેક શેખ, સાબીર અબ્દુલ હમીદ શેખ, સુલતાન ફકીર શેખ અને તેમની ટીમ- ટોળકી દ્વારા એક કાર્ટેલ રચી લોકો પાસેથી લાખો રૂપિયા પડાવવાનો ધંધો કરે છે!!**



**(પ્રતિનિધિ દ્વારા, સુરત) :** સુરત ખાતે મોટી સંખ્યામાં મુસ્લિમ આગેવાનો દ્વારા સામુહિક આવેદનપત્ર સુરત કલેકટર ને સુપ્રત કરવામાં આવ્યું હતુ. આવેદનપત્ર આપવા દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા.આવેદનપત્રમા જણાવ્યા મુજબ, ધાર્મિક સંસ્થાઓને નિશાનો બનાવી સંસ્થાના સંચાલકો/ટ્રસ્ટીઓ પાસેથી પૈસા પડાવનાર ટોળકી-ગેંગ દક્ષિણ ગુજરાતમાં છેલ્લા ઘણા સમયથી કાર્યરત છે. જેઓ ધાર્મિક સંસ્થાઓને નિશાનો બનાવી તેમને બદનામ કરી, બ્લેકમેલ કરી તેમની પાસેથી પૈસા પડાવે છે. તેમજ ખોટી આર. ટી. આઈ. અરજીઓ કરી લોકોને બ્લેકમેલ કરવાનું કામ કરે છે. આ ટોળકીમાં મુખ્યત્વે ૪ થી ૫ લોકો છે જેમાં બિલાલ શેખ ઉર્ફે બિલાલ જાદુગર, સાબીર શેખ, (તંત્રી દિવ્ય સંદેશ), રહે. સૈયદપૂરા, સુરત) અને સુલતાન ફકીર શેખ (વર્લ્ડ ટાઈમ્સ ન્યૂઝ), રહે. આલીપોર, તાઈ મોહલ્લો, ચીખલી ઓરિએન્ટ બેકરી પાસે, તા. ચીખલી, જી. નવસારી નો સમાવેશ થાય છે. આ ટોળકી અન્ય લોકોને પણ નિશાનો બનાવે છે બ્લેકમેલ કરે છે અને પૈસા પડાવી રહી છે. આ ટોળકીમાં સમાવિષ્ટ લોકો વિરુદ્ધ વિવિધ પોલીસ સ્ટેશનો ખાતે ખંડણી ઉઘરાવવા, લોકોને ધાક-ધમકીઓ આપવા, ખોટી ફરિયાદો કરી પ્રેસ-મીડિયામાં છપાવી બદનામ કરવા, મહિલા છેડતી અને અટરોસીટી એકટ હેઠળ પણ ફરિયાદો નોંધાયેલ છે. તેમ છતાં કોઈ કાયદેસરની કાર્યવાહી આ લોકો વિરુદ્ધ કરવામાં આવતી નથી.જેથી આ ટોળકી-ગેંગ વિરુદ્ધ સુરત જિલ્લાના માંગરોળ, પલસાણા, બારડોલી, ઓલપાડ, કામરેજ, માંડવી વિગેરે જેટલા તાલુકાના લોકો દ્વારા કડક અને કાયદેસરની કાર્યવાહી કરવા માટે "દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ" ના નેજા હેથળ મુખ્યમંત્રી, ગૃહ મંત્રી, પોલીસ મહાનિદેશક, પોલીસ અધીક્ષક, વકફ બોર્ડ વિગેરેઓને ફરિયાદ કરવામાં આવેલ છે. અને આ ટોળકીમાં સમાવિષ્ટ લોકો વિરુદ્ધ છજીછ એકટ, ગુજસીટોક એકટ હેઠળ ગુનો નોંધવા માટે રજૂઆત કરવામાં આવેલ છે.

# NPAના નેજા હેઠળ આજરોજ વલસાડ જીલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપી માહિતી ખાતાના અધિકારી નિનેશ ભાભોરની ખાતાકીય તપાસ કરી બદલીની માંગ કરાઇ




**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** તા. ૧૨મીનાં રોજ વલસાડ જિલ્લાના કલેક્ટરશ્રીને આવેદન પત્ર આપી તાપી જિલ્લાના સહાયક માહિતી નિયામક નિનેશ ભાભોર સામે ખાતાકીય તપાસ કરાવી બદલીની માંગ કરવામાં આવી છે. નેશનલ એસોસીયેશનના વલસાડ જિલ્લાના પત્રકારોએ કલેક્ટરશ્રીને આવેદનપત્ર સોંપ્યું છે.પત્રકારો દ્વારા અપાયેલ આવેદન પત્રમાં જણાવાયું છે કે, તાપી જીલ્લામાં સહાયક માહિતી નિયામક તરીકે જ્યારથી નિનેશ ભાભોરની નિમણૂંક થઈ છે ત્યારથી નિનેશ ભાભોર દ્વારા પત્રકારો સાથે બિનજરૂરી માથાકૂટ-ઝઘડો કરતા આવેલા છે. નિમ્નકક્ષાનું પીળુ પત્રકારત્વ કરનાર અને ધાકધમકી આપી પૈસા પડાવનાર જીલ્લા બહારના પત્રકાર-તંત્રી સાથે મળી સ્થાનિક પત્રકારોને ડરાવા-ધમકાવવાનું કામ પોતાના સરકારી હોદ્દાનો દૂરઉપયોગ કરી કરતા આવેલા છે. પત્રકારો વિરૂદ્ધ પ્રેસ કોન્ફરન્સ કરી માહિતી ખાતાના વોટ્સએપ ગૃપમાં બદનક્ષીકારક લખાણો લખી બદનામ કરતા આવ્યા છે. સ્થાનિક પત્રકારો વિરૂદ્ધ એલફેલ બોલે છે અને બોલેલું પીળુ પત્રકારત્વ કરનારાઓ પાસે છપાવે છે અને છાપેલું ફરી માહિતી ખાતાના વોટ્સએપ ગૃપમાં પોસ્ટ કરી પત્રકારોને બદનામ કરી ઉશ્કેરણી કરતા આવેલા છે. માહિતી ખાતાના વોટ્સએપ ગૃપમાં મૂકાતી પોસ્ટ બાબતે તપાસ કરતા પીળુ પત્રકારત્વ કરનારાઓ સાથે ભાભોરના સારા સંબંધો છે એ વાત સ્પષ્ટ થાય છે.આ ભાભોરે પોતાને સુપર અધિકારી માની લઈ કલેકટરશ્રી કે માહિતી ખાતાના અધિકારીઓની મંજૂરી લીધા વિના પોતાનો અંગત હેતુ સિદ્ધ કરવા અને પોતાનો દ્વેષ સંતોષવા સરકારી હોદ્દાનો દૂરઉપયોગ કરી પત્રકારો વિરૂદ્ધ વારંવાર પ્રેસ કોન્ફરન્સ કરતા આવેલ છે તેમ છતા જીલ્લા કલેક્ટરશ્રી કે માહિતી વિભાગ દ્વારા શિસ્તભંગની કાર્યવાહી નહી કરવામાં આવતા ભાભોરે પત્રકારોને બદનામ કરવાનુ ચાલુ જ રાખ્યું છે જેથી પત્રકારો અને વહીવટીતંત્ર વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ આવી છે અને સરકારી પ્રચાર પ્રસારની કામગીરી ઉપર અસર વર્તાઈ રહી છે. આ ભાભોરે સરકારની વિકાસલક્ષી કામગીરી, યોજનાઓ માહિતી કે કાર્યક્રમો લોકો સુધી પહોંચે તેવું કામ કરવાને બદલે પોતાનો સરકારી સમય પત્રકારો સાથે લડવામાં-બદનામ કરવામાં વેડફી રહ્યો હોવા છતાં તેમની સામે શિસ્ત ભંગના પગલાં લેવાતા નથી જે ખૂબ જ ગંભીર વહીવટી ક્ષતિ છે. સરકારી હોદ્દાનો દૂરઉપયોગ કરી પત્રકારો કે આમ જનતાને ડરાવવાનું વધુ સાંખી લેવાશે નહીં. વહીવટી તંત્ર અને મીડિયા વચ્ચે બગડેલા સંબંધો ભાભોરની બદલી વગર સુધારવા શક્ય જણાતા નથી જેથી તેમની વિરૂદ્ધ ખાતાકીય તપાસ કરી તેમની બદલી અન્ય જિલ્લામાં કરવામાં આવે તેવી માંગ કરાઈ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય અગાઉ સહાયક માહિતી નિયામક નિનેશ ભાભોરે બહુજન સમ્રાટ સાપ્તાહિકમાં છપાયેલા એક આર્ટિકલ બાબતે પોતાના વિશે જ છપાયું છે એવું માની લઈ આ અખબારની બદનામી કરવા માટે પ્રેસ કોન્ફરન્સ કરી હતી અને આ પ્રેસ કોન્ફરન્સમાં અખબાર અને તેના તંત્રી ઉપર પાયા વિહોણા ખોટા આક્ષેપો કરી સમાજમાં બદનામી થાય તેવું કૃત્ય કર્યુ હતું. જે બાબતે બહુજન સમ્રાટ સાપ્તાહિક અખબારના માલિક અને તંત્રી પરેશ અટાલીયાએ અખબાર અને પ્રિન્ટર વિરૂદ્ધ કરાયેલા આક્ષેપોનું ખંડન કરી તમામ આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી કાઢયા હતાં.

# નિઝરના લક્ષ્મીખેડા ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિની ઉજવણી કરાઇ



**(મુકેશ પાડવી દ્વારા, વેલ્દા-નિઝર) :** નિઝર તાલુકાના લક્ષ્મીખેડા ગામ ખાતે ભગવાન બિરસા મુંડાની જન્મ જયંતિ દિવસની ઉજવણી ! આજરોજ ભગવાન બિરસા મુંડા જન્મ જયંતી આદિવાસી યુવા સંગઠન નિઝર દ્વારા ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ દિવસ કે જેને જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત લક્ષ્મી ખેડા ગામમાં આદીવાસી પૂજા પદ્ધતિ, આદિવાસી વાજિંત્રો, કેશવરાજ બેન્ડ પાર્ટી સાથે વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ આદિવાસી યુવા સંઘઠન દ્વારા ૫૦ જેટલા અનાથ બાળકોને કપડાં વિતરણ કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં સામાજિક આગેવાનો, સહિત યુવાનો, વડીલો, ભાઈઓ બહેનો વિશાળ સંખ્યામાં સહભાગી થયા હતા.

# સોનગઢ ખાતે ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ દિવસની ઉજવણી






**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : આજરોજ ભગવાન બિરસા મુંડા જન્મ જયંતી મહોત્સવ સમિતિ તાપી જિલ્લા દ્વારા ભગવાન બિરસા મુંડા જન્મ જયંતિ દિવસ કે જેને જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત સોનગઢ કૉલેજ થી આદીવાસી પૂજા પદ્ધતિ, આદિવાસી વાજિંત્રો, શુભરાજ બેન્ડ પાર્ટી સાથે વિશાળ શોભાયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સોનગઢ બસસ્ટેન્ડ ખાતે શોભાયાત્રા જાહેરસભામાં પરિવર્તિત થઇ હતી.જેમાં મુખ્ય વક્તા તરીકે પ્રો.શ્રી વસંતભાઈ ગામીત દ્વારા ભગવાન બીરસા મુંડા જીના જીવન ચરિત્ર ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.આ કાર્યક્રમ માં મુખ્ય અતીથી તરીકે શ્રીમતિ નયનાબેન યોગેશભાઈ ગામીત તથા અતિથિ વિશેષ તરીકે સોનગઢ કૉલેજના આચાર્ય ડૉ.રાજેશભાઈ પટેલ, જનજાતિ છાત્ર કાર્ય પ્રદેશ પ્રમુખ શ્રી હિરેનભાઈ ચૌધરી, એ.પી.એમ.સી. ચેરમેન શ્રી દામજીભાઈ ગામીત, સામાજિક અગ્રણી શ્રી વિક્રમ ભાઈ ગામીત, સમિતિ મંત્રી દીપ ગામીત સહિત યુવાનો, વડીલો, ભાઈઓ બહેનો વિશાળ સંખ્યામાં સહભાગી થયા હતા.

# તાપી જીલ્લા લાંચ રુશ્વત વિરોધી બ્યુરોની ક્ચેરી દ્વારા ભ્રષ્ટાચાર સામે કુનેહ દાખવનાર આચાર્ય કેતન શાહને સ્મૃતિ ભેટ અર્પણ કરાઈ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા)** : આજરોજ તાપી જીલ્લાની વ્યારા ખાતેની લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો વ્યારા ક્ચેરીના પી.આઈ. ચૌધરી મેડમ દ્વારા વર્ષ ૨૦૨૧- ૨૨ મા ભષ્ટચારની પોલ ખોલમાં તત્કાલ જિલ્લા શિક્ષણાધિકારી તાપીને ૧૦ લાખના લાંચ લેવાના પ્રયાસો ને નાકામયાબ બનાવી જેલ ભેગા કરીને ભષ્ટ અધિકારી સામે લડત આપવાની હિંમત દાખવી તેવા નીડર, સાહસિક તાપી જીલ્લાના વિદ્યાકુંજ વિદ્યાલય ના આચાર્ય કેતન ભાઈ શાહ દ્વારા ભષ્ટચાર ની પોલ ખોલ અભિયાનમાં ખુબ સુંદર અને શ્રેષ્ઠ કામગીરી કરી ઉપરાંત સમાજમા જાગ્રુતતાના સેમીનાર કરી સામાજીક અભિયાન ની ચેતના ઉજાગર કરી તે બદલ ક્ચેરી અને પોલિસ વિભાગ દ્વારા આચાર્ય કેતનભાઈ શાહનુ ભ્રસ્ટ ાચારની પોલ ખોલ અભિયાન ની શ્રેષ્ઠ કામગીરી બદલ સ્મૃતિ ભેટ અર્પણ કરી વિશેષ સન્માન તેમની શાળાએ જઈને કરવામા આવ્યુ હતું.

# મુંબઇથી નીકળતા વરલી મટકાના આંકો ઉપર જુગાર રમતા ૦૮ જુગારીઓને સ્થળ ઉપર મુદ્દામાલ સાથે પકડી પાડી તથા ૦૨ ઇસમોને વોન્ટેડ જાહેર કરતી એલ.સી.બી. તાપી તથા સોનગઢ પોલીસ



**(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) :** પોલીસ ઈન્સપેક્ટરશ્રી, સોનગઢ ની સીધી સુચના અને માર્ગદર્શન મુજબ આજરોજ એલ.સી.બી. તાપી તથા સોનગઢ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન એ.એસ.આઇ. જગદીશભાઈ જોરારામ એલ.સી.બી.તાપી વ્યારા તથા અ.હે.કો. દશરથભાઈ ભુપતભાઈ સોનગઢ પો.સ્ટે.ને સંયુક્ત બાતમી મળેલ હોય જે આધારે સોનગઢ શીતલ હોટલના પાછળના ભાગે ટેકરા ઉપર આવેલ શક્તિ કાનુની સહાય અને માનવ અધિકાર કેન્દ્રની બીલ્ડીંગના પાછળના ભાગે આવેલ ખુલ્લી જગ્યામાં રેડ કરતા મુંબઈથી નીકળતા વરલી મટકાના આંકો ઉપર જુગાર રમી રમાડતા કુલ-૦૮ જુગારીઓને પકડી પાડેલ હતા તથા રેડ દરમ્યાન આંકોના તથા અંગ ઝડતીના રોકડા ? ૧,૭૩,૨૨૦/- તથા જુગારના સાધનો કુલ્લે બુક નંગ-૧૧ કિ.રૂ.૦૦/- તથા કાર્બન પેપર નંગ-૦૮ તથા બોલપેન નંગ-૦૮ મોબાઇલ નંગ-૦૪ કિ.રૂ.૭,૫૦૦/- મળી કુલ્લે રૂપીયા ૧,૮૦,૭૨૦/- ના મત્તાનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે. તથા આ ઈસમોને આંખો લખવા બેસાડનાર રાકેશ ઉર્ફે પપ્પુ શંકરભાઈ ગોસ્વામી રહે.જુનાગામ મુસ્લીમ ફળીયુ તા.સોનગઢ જી.તાપીને તથા પૈસાની હિસાબ રાખનાર ભવાન ભરવાડ રહે.ભરવાડ ફળીયુ ઉકાઈ રોડ તા.સોનગઢ જી.તાપીને ગુનાના કામે વોન્ટેડ જાહેર કરેલ છે, જે બાબતે સોનગઢ પો.સ્ટે.મા ગુનો દાખલ કરવામા આવેલ છે. તથા આગળની તપાસ પો.સબ.ઈન્સ. શ્રી અજીત સી. ચૌધરી, સોનગઢ પો.સ્ટે. કરી રહેલ છે.

અટક કરેલ આરોપીઓ :- (૧) શુરેશભાઈ ધોન્ડુભાઈ યેવલે ઉ.વ.૫૧ રહે.સોનગઢ ધીરજ હોસ્પીટલ પાસે ટેકરા ફળીયુ તા.સોનગઢ જી.તાપી(૨) સલીમભાઇ ફરજાનભાઇ શેખ ઉ.વ.૪૮ રહે. સોનગઢ જુનાગામ મુસ્લીમ ફળીયુ તા.સોનગઢ જી.તાપી(૩) સુરેશભાઇ ઉદયરામ શર્મા ઉ.વ.૫૦ રહે.૪-એ-૧૫ ભુરીવેલ કોલોની ઉકાઇ તા.સોનગઢ જી.તાપી(૪) વિનોદભાઇ સોનજીભાઇ વસાવા ઉ.વ.૪૦ રહે. સીંગલવાણ નિશાળ ફળીયુ તા.સોનગઢ જી.તાપી(૫) જીતેન્દ્રભાઇ માધુભાઇ નેરકર ઉ.વ.૪૦ રહે.ઉકાઇ વર્કશોપ કોલોની તા.સોનગઢ જી.તાપી(૬) બટુકભાઇ બંસીલાલ લુહાર ઉ.વ.૫૨ રહે.શ્રીરામ નગર સોનગઢ તા.સોનગઢ જી.તાપી(૭) સુરેશભાઇ બંસીલાલ લુહાર ઉ.વ.૪૦ રહે.દેવરત્ન સોસાયટી ઘર નં.૮૬ ગુણસદા ઉકાઇ તા.સોનગઢ જી.તાપી(૮) ઇમ્તીયાઝ ઇબ્રાહીમ શેખ ઉ.વ.૪૪ રહે.જુનાગામ મુસ્લીમ ફળીયુ તા.સોનગઢ જી.તાપીવોન્ટેડ આરોપીઓ :-(૯) રાકેશ ઉર્ફે પપ્પુ શંકરભાઇ ગોસ્વામી રહે.જુનાગામ મુસ્લીમ ફળીયુ તા.સોનગઢ જી.તાપી(૧૦) ભવાન ભરવાડ રહે.ભરવાડ ફળીયુ ઉકાઇ રોડ તા.સોનગઢ જી. તાપી કામગીરી કરનાર પોલીસ અધિકારી/કર્મચારી ૧) PSI જે.બી.આહિર, પો. સબ. ઈન્સ. LCB તાપી-વ્યારા ૨) PSI એન.એસ.વસાવા, પો.સબ.ઈન્સ. LCB તાપી-વ્યારા૩) ASI જગદીશભાઈ જોરારામ, ન્ઝમ્તાપી-વ્યારા. ૪) ASI આનંદભાઈ ચેમાભાઈ LCB, તાપી-વ્યારા.૫) UHC દશરથભાઈ ભુપતભાઈ સોનગઢ પો.સ્ટે. ૬) UHC જયેશભાઈ લીલકીયાભાઈ LCB તાપી૭) UPC દિપકભાઈ સેવજીભાઈ LCB તાપી-વ્યારા૮) UPC રાહુલભાઈ દિગંબરભાઈ LCB તાપી. વ્યારા.૯) UPCરવિન્દ્ર મહેન્દ્રભાઈ LCBતાપી-વ્યારા.૧૦) UPC પ્રકાશ રામાભાઈ તાપી-વ્યારા. ૧૧) UPC ગુલાબભાઈ તુલસીરામ સોનગઢ પો.સ્ટે.

# વ્યારા પોલીસ સ્ટેશનનો ઘરફોડ ચોરીનો અનડીટેક્ટ ગુનો ગણતરીના કલાકોમાં શોધી કાઢી કુલ્લે રૂ. ૨૩,૩૦૦/- ના મુદ્દામાલ સાથે આરોપીને પકડી પાડતી લોકલ ક્રાઇમ બ્રાંચ



(પ્રતિનિધિ દ્વારા, વ્યારા) : ગત્ તા.૧૩/૧૧/૨૦૨૪ના કલાક- ૧૮/૩૦ થી તા.૧૪/૧૧/૨૦૨૪ ના કલાક-૦૯/૩૦ વાગ્યા દરમ્યાન હરકોઇ વખતે વ્યારાના પાનવાડી ગામે ઉનાઇ રોડ કેસુડા હોટલની સામે ગ્લોબલ એંજીનરીંગ એન્ડ જીઓ ટેકનીકલ સર્વિસીસ એલ.એલ.પી મટીર્યલ ટેસ્ટીંગ લેબોરેટી ઓફિસ ખાતેથી કોઇ અજાણ્યા ચોર ઇસમે ઓફિસનો પાછળનો દરવાજો તોડી ઓફિસમાંથી કોમ્પ્યુટરનો સામાન, મોબાઈલ, તેમજ સ્માર્ટ વોચની ચોરી કરી નાશી ગયેલ હોય જે બાબતે વ્યારા પો.સ્ટે.મા ઘરફોડ ચોરીનો ગુનો નોંધાયેલ જે અનડીટેક્ટ ગુનો શોધી કાઢવા શ્રી કે.જી. લિંબાચીયા, ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી., જી. તાપીની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ.ઈ.શ્રી જે.બી. આહિર, એલ.સી.બી. તાપી તથા એલ.સી.બી. તાપીના પોલીસ માણસો દ્વારા ખાનગી બાતમીદારો રોકી તપાસ ચાલુ હતી. દરમ્યાન એલ.સી.બીના અ.હે.કોન્સ વિનોદભાઇ પ્રતાપભાઇને ખાનગી રાહે મળેલ બાતમી આધારે આ ગુનામાં સંડોવાયેલ અને ચોરી વાળી જગ્યાની પાછળના ભાગે આવેલ શાંતિલાલ પટેલની ખેતરની વાડીમાં રહેતો આરોપી મગનભાઈ મંછુભાઇ માહલા ઉ.વ.૪૮ રહે.હાલ.શાંતિલાલ પટેલની આંબાવાડીમાં પાનવાડી તા.વ્યારા જી.તાપી મુળ રહે.ગામ-ધાકમાળ ઉપલુ ફળીયુ તા.વાસંદા જી.નવસારી ને આશરે કુલ્લે કિ.રૂ. ૨૩,૩૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી મળી આવેલ મુદ્દામાલ કબજે કરી પકડાયેલ ઈસમને ગુનાના કામે આગળની વધુ તપાસ સારુ વ્યારા પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.કબજે કરેલ મુદ્દામાલ(૧) એ.ઓ.સી. કંપનીની કોમ્પ્યુટર સ્ક્રીન નંગ-૦૫, જેની આશરે કુલ્લે કિં. રૂ! ૧૫,૦૦૦/-.(૨) એક ટી.પી.લીંક કંપનીનું રાઉટર જેની આશરે કિંમત રૂપિયા ૧,૫૦૦/-(૩) એક સફેદ કલરનો સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન જેની આશરે કિમત રૂપિયા ૫,૦૦૦/-(૪) એક કાળા કલરનુ આઇબોલ કંપનીનુ કિબોર્ડ, જેની આશરે કિમત રૂપિયા ૫૦૦/-(૫) એક કાળા કલરનુ માઉસ, જેની આશરે કિંમત રૂપીયા ૩૦૦/-(૬) એકકાળા કલરની ફાયર બોલ્ટ કંપનીની સ્માર્ટ વોચ, જેની કિંમત રૂપિયા ૧,૦૦૦/- મળી કુલ્લે રૂ! ૨૩,૩૦૦/- નો મુદ્દામાલશોધાયેલ ગુનો- વ્યારા પો.સ્ટે. છ પાર્ટ ગુ.ર.નં.૧૧૮૨૪૦૦૧૨૪૨૦૮૩/૨૦૨૪ બીએનએસ કલમ ૩૩૧ (૩) ૩૩૧ (૪) ૩૦૫ એ મુજબકામગીરી કરનાર ટીમ :- ઇન્ચાર્જ પો.ઇન્સ.શ્રી કે.જી. લિંબાચીયા એલ.સી.બી તાપીની સુચનાથી પો. સ. ઈ. શ્રી જે.બી. આહીર એલ.સી.બી. તાપી તથા હે.કો. વિનોદભાઇ પ્રતાપભાઇ, હે.કો. ધર્મેશભાઇ મગનભાઇ, પો.કો. અરૂણભાઇ જાલમસીંગ, એલ.સી.બી. તાપીએ કામગીરી કરેલ છે.